| GJAR040004502020 | | | | |
|---|---|---|---|---|
| | દાખલ થયા તારીખ | ૧૫ / ૧૨ / ૨૦૨૦ | | |
| | રજુ તારીખ | ૧૫ / ૧૨ / ૨૦૨૦ | | |
| | ફેસલ તારીખ | ૨૪ / ૦૩ / ૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | મહીનો | દિવસ |
| | | ૦૫ | ૦૩ | ૦૯ |

सत्यमेव जयते

**<u>મે. મેઘરજના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ,</u>**
**<u>જિ. અરવલ્લી</u>**

રે.મુ.નં. ૨૦/૨૦૨૦
આંક:

**<u>વાદી:</u>**

વણજારા કનાભાઇ હમીરભાઇ ગુજરતા વારસો

(૧) લબાના ભમ્મરભાઇ કનાભાઇ

(૨) લબાના ઈશ્વરભાઇ કનાભાઇ

(૩) લબાના રઘુનાથ કનાભાઇ

(૪) લબાના રમણભાઇ કનાભાઇ

(૫) લબાના રમેશભાઇ કનાભાઇ

(૬) લબાના જબુબેન કનાભાઇ

(૭) લબાના સવિતાબેન કનાભાઇ

તમામ રહે. સુરદેવી તા. મેઘરજ જી. અરવલ્લી

**વિરૂધ્ધ**

**<u>પ્રતિવાદી:</u>**
વણજારા પના પ્યારચંદ ગુજરતા વારસો નં. ૧ થી ૭

(૧) લબાના અમરતભાઈ પનાભાઈના વારસો

૧. લબાના જામુંબેન અમરતભાઈ

૨. લબાના કાંન્તાબેન અમરતભાઈ

૩. લબાના સંગીતાબેન અમરતભાઈ

૪. લબાના જશોદાબેન અમરતભાઈ

૫. લબાના સુરેશભાઈ અમરતભાઈ

૬. લબાના ઉષાબેન અમરતભાઈ

(૨) લબાના ગોવિંદભાઈ પનાભાઈ

(૩) લબાના ચંદુભાઈ પનાભાઈ

(૪) લબાના મોતીભાઈ પનાભાઈ

(૫) લબાના ભમ્મરભાઈ પનાભાઈ

(૬) લબાના જામુબેન પનાભાઈ

(૭) લબાના કમુબેન પનાભાઈ

(૮) લબાના ઈશ્વરભાઈ જનવાભાઈ

(૯) લબાના ઉમેશભાઈ જનવાભાઈ

(૧૦) લબાના રમણભાઈ જનવાભાઈ

(૧૧) લબાના પોપટભાઈ જનવાભાઈ

(૧૨) લબાના પંકજભાઈ જનવાભાઈ

(૧૩) લબાના ગીરીશભાઈ જનવાભાઈ

(૧૪) લબાના પિયુષભાઈ ઈશ્વરભાઈ

(૧૫) લબાના હરીશભાઈ પરથાભાઈ

(૧૬) લબાના મહેશભાઈ પરથાભાઈ

(૧૭) લબાના મોહનભાઈ પરથાભાઈ

(૧૮) લબાના જામુબેન પરથાભાઈ

તમામ રહે. સુરદેવી તા. મેઘરજ જી. અરવલ્લી

**દાવો: રૂ. ૩૦૦/– ના આંકથી કાયમી મનાઈ હુકમ તથા વહેંચણી માટેનો :–**

........................................................................................

**વાદી ઓ તરફે વકીલશ્રી:** વી.કે.ભાંભી
**પ્રતિવાદી ઓ તરફે વકીલશ્રી:** એન.પી.પટેલ

.....................................................................

## ::જજમેન્ટ::

(૧) વાદી તરફે દાવાની હકીકત એવી છે કે, મોજે સુરદેવી તા. મેઘરજ જી અરવલ્લીના સીમના વાદીઓના પિતાના નામે વણજારા કનાભાઇ હમીરભાઇ તેમજ વણજારા પના પ્યારચંદને મુળ ખાતા નં. ૧૦૬ના સ. નં. જુનો ૧૨૯ ના ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦૧–૧૦–૮૬ વાળી જમીનમાં વડીલો ખેતી કરી વાવેતર કરતા હતા જેથી નાયબ કલેક્ટરશ્રીના હુકમ આધારે નોંધ નં. ૧૫૧ થી ૧૯૭૭ માં રેવન્યુ રેકર્ડે નોંધ પાડી ત્યાર થી સંયુક્ત માલીકી હક્કે ચાલે છે જે જમીનમાં વચ્ચે થઇ રાજપુર થી સુરદેવી ભેમાપુર જતો પાકો ડામર રોડ પસાર થતા તે જમીનના બે ભાગ પડી ગયેલા જેથી તેના બે અલગ અલગ સર્વે નંબર બની ગયેલા છે જેમાં નવો સર્વે નંબર ૧૮૮ જેનુ ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચો.મી નુ છે અને સ.નં. ૨૦૬ નું ક્ષેત્રફળ ૦–૧૬–૨૯ હે.આરે.ચો.મી નુ છે આમ સદર જમીનના અલગ અલગ બે સર્વે નંબરો બની ગયેલા છે જેમાં આ બન્ને સર્વે નંબર પૈકી નવો સર્વે નંબર ૧૮૮ નુ ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચોમી વાળી જમીનમાં વાદીઓ તેમજ પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓના કાયદેસરના અલગ અલગ હિસ્સા પડેલા નથી પરંતુ ઘર મેળે સ્થળ ઉપર અલગ અલગ હિસ્સા પ્રમાણે અલગ અલગ ખેતી કરતા હતા આમ સર્વે નંબર ૧૮૮ નું ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચોમી વાળી જમીન માંથી વાદીના ભાગની ૦–૪૭–૨૯ હે.આરે.ચોમી થાય છે તે વાદીના ભાગની જમીન હાલ સર્વે નંબરની દક્ષિણ દિશાએ આવેલ છે જેમાં વાદીઓ શાકભાજીની વાડી તથા ઉકરડા કરેલ છે અને ઘાસ કરેલ છે અને ઘાસ નાખવાનો ઉપયોગ કરીએ છીએ અને પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓ તેમના હિસ્સામાં અગાઉથી મકાન બનાવી દીધેલ છે તેમજ પ્રતિવાદીઓના પિતા વણજારા પના પ્યારચંદનાઓએ તેમના ભાઇ વણજારા જનવાભાઇ પ્યારચંદનુ આ મિલકતમાં કોઇ નામ નિશાન ન હોવા છતા સદર મિલકતમાં

તેમના ભાઇઓના વારસો પ્રતિવાદી નં. ૮ થી ૧૩ આઓને એક સંપ કરી બળના જોરે વાદીઓને ધમકી આપી મકાન બનાવી દેવડાવ્યા છે પ્રતિવાદીઓએ એક સંપ થઇ તેમના હિસ્સાના ભાગ કરતા વધુ જગ્યા રોકી લીધેલ છે અને હાલ સદર દાવાવાળી જમીનના કાયદાકીય રીતે અલગ હિસ્સા પાડી વહેચણી કરેલ ન હોવા છતા પ્રતિવાદીઓએ સ. નં. ૧૮૮ ની પૂર્વ બાજુએ વાદીઓની સંમતી લીધા સીવાય કે પંચાયતની મંજુરી સીવાય કે એન. એ કરાવ્યા સીવાય મકાનના પાયા ખોદી કામ ચાલુ કરેલ છે જ્યારે વાદીઓ તેમના ભાગમાં માટીનુ પુરણ કરતા હતા અને શાકભાજી ની વાડીમાં નીંદામણ કરતા હતા તે સમયે આ કામના તમામ પ્રતિવાદીઓ એક સંપ થઇ આવી ગયેલા અને કામ અટકાવેલુ અને મા બેન સામી નઠારી ગાળો બોલવા લાગેલા અને કહેતા હતા જે હવે જો તમો આ જમીનમાં પ્રવેશ કરશો તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપવા લાગેલા આમ પ્રતિવાદીઓએ વાદીઓને તેમના ભાગની જમીનમાં માટી કામ કરતા અટકાવેલા છે. વાદીઓની ખાતા નં. ૨૦૬ સ નં. ૧૮૮ નુ ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચો.મી વાળી જમીનના હદ ખૂટ પૂર્વે:– ભૂતીયા પ્રાથમિક શાળ આવેલ છે તથા સરકારી પડતર જમીન આવેલ છે. પશ્ચિમે:– રાજપુર થી મેડી ભેમાપુર જતો પાકો ડામર રોડ આવેલ છે. ઉત્તરે:– ડામોર હીરાભાઇ ભૂરાભાઇ તથા વણજારા પના પ્યારચંદ ની જમીન આવેલી છે. દક્ષિણે:– રાજપુર થી રાચાવાડા તરફ જતો પાકો ડામર રોડ આવેલ છે. જેને હવે પછી દાવાવાળી જમીન તરીકે ઉલ્લેખેલ છે. પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં વાદીઓને પ્રવેશ ન કરવા દઇ જમીનમાં કબજો ભોગવટો છિનવી લે તેમ છે જેનાથી વાદીઓને ઘણુ નુક્શાન થાય તેમ છે તેનો બદલો નાણા કે અન્ય કોઇ રીતે ભરપાઇ થઇ શકે તેમ નથી જેથી આ કાયમી મનાઇ હુકમ નો દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. વાદીએ તેઓના દાવામાં દાવો દાખલ કરવાનુ કારણ જણાવેલ છે જેમાં વાદીઓની સર્વે નંબર ૧૮૮ નું ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચોમી વાળી જમીનનો અડધો હિસ્સો એટલે કે ક્ષેત્રફળ ૦–૪૭–૨૯ હે.આરે.ચોમી વાળી દક્ષિણ બાજુએ આવેલ જમીન વાદીઓની માલીકીની કબજા ભોગવટાની આવેલી હોય જે જમીનમાં વાદીઓ તેમજ

પ્રતિવાદીઓએ સ્થળ ઉપર કાયદેસર અલગ અલગ હિસ્સા પડેલ નથી પરંતુ સમજુતી થી ઘર મેળે અલગ અલગ વાવેતર કરતા આવેલ છીએ હાલ કેટલાક દિવસો પહેલા વાદીઓ શાકભાજી રોપવા જતા પ્રતિવાદીઓ સદર જમીનમાં કાયદાકીય રીતે અલગ હિસ્સા પાડી વહેચણી કરેલ ન હોવા છતા તેઓ સદર જમીનમાં મકાન બનાવવા માટે પાયા ખોદી કામ ચાલુ કરવા પ્રયત્ન કરતા વાદીઓએ તેઓને રોકતા કહેતા હતા કે તમારે જે થાય તે કરી લો આ જમીન અમારા એકલાની છે તમારો કોઈ હિસ્સો નથી તેમ કહી ગાળો બોલી કહેતા હતા કે જો તેમો આ જમીનમાં પ્રવેશ કરશો શાકભાજી રોપશો ઘાસ નાખશો તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હોય આ કામના પ્રતિવાદીઓ મકાન બનાવવાનો પ્રયત્ન કરતા અટકાવવા અને અમારા હિસ્સાની દક્ષિણ બાજુએ આવેલ જમીન સ્થળ ઉપર કાયદેસર વહેચણી કરી હદ ખુટ મારી આપવા દાવાનુ કારણ ઉપસ્થિત થયેલ છે. પ્રતિવાદીઓ દાવાવાળા સર્વે નંબર– ૧૮૮ માં વહેચણી કરી કાયદેસર અલગ હિસ્સા પાડ્યા વગર અને પંચાયતની પરવાનગી મેળવ્યા સિવાય કે જમીન એન એ કરાવ્યા સીવાય કે વાદીઓની સંમતી મેળવ્યા સીવાય મકાન બનાવવાની તજવૂજ કરી રહેલ છે સદર જમીન હાલમાં પડતર પડી રહેલ છે જેથી પ્રતિવાદીઓનું કૃત્ય ગેરકાયદેસર હોય દાવો દાખલ કરવાની જરૂર પડેલ છે. વાદીએ દાવામાં દાદ માંગેલ છે કે, (અ) મોજે સુરદેવી તા. મેઘરજ જી અરવલ્લી ની સીમની ખેતીલાયક નવો સર્વે નંબર– ૧૮૮ નું ક્ષેત્રફળ ૦–૯૪–૯૮ હે.આરે.ચોમી વાળી જમીન વાદીઓ તથા પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓની સંયુક્ત નામે આવેલી છે અને સદર જમીનમાં અડધો હિસ્સો અમો વાદીઓનો ક્ષેત્રફળ ૦–૪૭–૨૯ હે.આરે.ચોમી જમીનમાં હોય જેથી પ્રતિવાદીઓ દાવાવાળી જમીન કોઇ ઇસમને વેચે વેચાવે નહી તેમજ સદરહુ જમીનમાં પ્રતિવાદીઓનો સીધો કે આડકતરી રીતે કોઇ હક્ક હિસ્સો કે લાગ ભાગ કે હીત નથી તેવો કાયમી મનાઇ હુકમ કરવા મે. કરશોજી (બ) સદરહુ દાવાવાળી મિલકતમાં આ કામના પ્રતિવાદીઓ તેમજ તેમના માલીકો નોકર એજન્ટો કે તેમના મળતિયાઓ જ્યા સુધી દાવાવાળી જમીનની કાયદેસર વહેચણી થઇ અલગ હિસ્સા પાડવામાં ન આવે ત્યાં સુધી પ્રતિવાદીઓ કોઇ પણ પ્રકારનું ખોદકામ

કે કાચુ પાકુ બાંધકામ કરે કરાવે નહી તેમજ સદરહુ દાવાવાળી મિલકતમાં અમો વાદીઓને પ્રવેશ કરતા અટકાવે નહી તેઓ કાયમી મનાઈ હુકમ આપવા મે. કશોજી. (ક) સદરહુ દાવાવાળી જમીન અમો વાદીઓને ના. કોર્ટ દ્વારા કોર્ટ કમિશનર મારફતે અમો વાદીઓના ભાગની અડધા હિસ્સાની ક્ષેત્રફળ ૦-૪૭-૨૯ હે.આરે.ચો.મી દક્ષિણ બાજુએ આવેલ જમીનનો અલગ હિસ્સો પાડી વહેચણી કરી હદ ખુટ મારી આપે તેવો હુકમ કરવા મે. કરશોજી ની દાદ માંગેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીઓને દાવાના પ્રોસેસ બજતા પ્રતિવાદી તેમના વિ.વશ્રી મારફતે હાજર થઈ પ્રતિવાદી નાઓએ આંક-૧૩ થી લેખીત જવાબ રજુ રાખેલ છે અને તેઓએ મુખ્યત્વે દાવા હકીકતનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, અને ખરી હકીકતે જણાવેલ છે કે, વાદીઓની સામે અમો પ્રતિવાદીઓએ દાવા નં. ૧૯/૨૦ દાવો કરેલ હોય જેથી હાલનો ખોટો દાવો કરેલ છે જે રદ થવાને પાત્ર છે. આ કામના વાદીઓએ દાવાના પેરા-૨ માં જણાવ્યા મુજબ વાદીઓની મોજે સુરદેવી તા. મેઘરજ ની સીમના વાદીઓના પિતાના નામે વણજારા કનાભાઈ હમીરભાઈ તેમજ વણજારા પના પ્યારચંદ ને મુળ ખાતા નં. ૧૦૬ ના સ.નં. જુનો ૧૨૯ ના ક્ષેત્રફળ હે.આરે.ચોમી ૦૧-૧૦-૮૬ વાળી જમીનમાં વાદીઓના વડીલો ખેતી કરી વાવતેર કરતા હતા જેથી નાયબ કલેક્ટરશ્રીના હુકમ આધારે નોંધ નં. ૧૫૧ થી ૧૯૭૭ માં રેવન્યુ રેકર્ડ નોંધ પાડી ત્યારથી સંયુક્ત માલીકી હક્કે ચાલે છે જે જમીનમાં વચ્ચે રાજપુર થી સુરદેવી ભેમાપુર જતો પાક્કો ડામર રોડ પસાર થતા તે જમીનના બે ભાગ પડી ગયેલા જેથી તેના અલગ અલગ સર્વે નંબર બની ગયેલ છે જેમાં નવો સ. નં. ૧૮૮ જેનુ ક્ષેત્રફળ ૦-૯૪-૫૮ હે.આરે.ચોમી નુ છે અને સ.નં. ૨૦૬ નું ક્ષેત્રફળ ૦-૧૬-૨૯ હે.આરે.ચોમી નુ છે આમ સદર જમીનના અલગ અલગ બે સર્વે નંબરો બની ગયેલા છે જેમાં આ બન્ને સર્વે નંબર પૈકી નવો સર્વે નંબર ૧૮૮ નુ ક્ષેત્રફળ ૦-૯૪-૫૮ હે.આરે.ચોમી વાળી જમીનમાં વાદીઓ તેમજ પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓના કાયદેસરના અલગ અલગ હિસ્સા પડેલા નથી પરંતુ ઘરમેળે સ્થળ ઉપર અલગ અલગ હિસ્સા પ્રમાણે

અલગ અલગ ખેતી કરતા હતા આમ સ.નં. ૧૮૮ નુ ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચોમી વાળી જમીનમાંથી વાદીના ભાગની જમીનનુ ક્ષેત્રફળ ૦–૪૭–૨૯ હે.આરે.ચોમી થાય છે તે બાબતે તકરાર નથી આજ બતાવે છે કે વાદીઓ અને પ્રતિવાદીઓની રેવન્યુ રેકર્ડે તેમજ સ્થળ ઉપર અડધી અડધી જમીન આવેલી છે તે તેમની દાવા અરજી તેમજ પ્રતિવાદીઓએ કરેલ અગાઉનો દાવા નં. ૧૯/૨૦ ના કામે રજુ કરેલ જવાબમાં પણ કબુલાત કરેલ છે તેથી આ દાવાનો કોઈ અર્થ રહેતો નથી તેમજ દાવામાં જણાવેલ જુનો સર્વે નં. ૨૦૬ નવો સર્વે નં. ૧૮૮ માં વાદીઓનો વર્ષોથી પોતપોતાના અડધા ભાગમાં વાદીઓએ પોતાની હદ પુરી થતા ૬ થી ૭ ફુટ ઇંટોની પાકી સળંગ દિવાલ બનાવેલી છે અને વર્ષોથી પોતાની જમીનમાં પાકા ઘર બનાવી રહે છે અને તે મુજબ પ્રતિવાદીઓની દિવાલ બાદ વર્ષોથી પ્રતિવાદીના કુટુમ્બ ના ૧૦ થી ૧૨ ઘર બનાવી જમીનમાં રહીએ છીએ અને રાજપુર થી મેડી ભેમાપુર જતો પાક્કો રસ્તા ઉપરથી વાદીઓ તેમજ પ્રતિવાદીઓ દિવાલની બન્ને સાઇડ પોત પોતાના ખેતરમાં જવાના અલગ અલગ રસ્તા હોઇ તે રસ્તે થઇ અવર જવર કરીએ છીએ તેથી વાદીઓને દાવામાં જણાવ્યા મુજબ વાદીઓને અટકાવવાનો તેમજ ગાળો બોલવાનો કે જાનથી મારી નાખવાની ધમકીઓ આપવાનો બનાવ બનેલો નથી પરંતુ સદર સર્વે નંબર ૧૮૮ ને અડીને જુનો સર્વે નંબર ૧૨૮ અને નવો સર્વે નંબર ૧૮૭ જે સરકારી પડતર છે જે જમીન સર્વે નંબર ૧૮૮ ની પુર્વ દિશાએ આવેલ છે તે જમીનને ખોટી રીતે સર્વે નંબર ૨૦૪ તેઓની માલીકીનો ખોટી રીતે બતાવી તેમાં મકાન બનાવવાની હકીકત ઉભી કરી અને દિ.મુ.નં. ૧૯/૨૦ માં રજુ કરેલ જવાબમાં તે તકરાર ઉભી કરી ખોટી દિશા અને હદખુટ બતાવી સરકારી જમીન ભેળવી દઇ ખોટો હક્ક ઉભો કરવા દબાણ લાવવા મુળ નકશા સ્થળ સ્થીતી વિરૂધ્ધની હકીકતો ઉભી કરી ખોટો દાવો દાખલ કરેલો છે જે દાવાના કામે વાદીઓને કોઇ દાદ મળવા પાત્ર થતી ન હોચ દાવો ખર્ચ સહ રદ કરવા રજુઆત કરેલ છે.

(૩) સદર કામે વાદીઓ તથા પ્રતિવાદી તરફે રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**<u>વાદી તરફે મૌખિક પુરાવા :–</u>**

( ૧ ) આંક– ૨૨ થી વાદી નં.૩ લબાના રઘુનાથ કનાભાઈ નુ પુરાવાનુ સોગંદનામુ

**વાદી તરફે દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ નથી**

**<u>પ્રતિવાદી તર્ફે મૌખિક પુરાવા:–</u>**

( ૧ ) આંક– ૫૩ થી પ્રતિવાદી નં.૪ લબાના મોતીભાઈ પુનાભાઈનુ પુરાવાનુ સોગંદનામુ

(૨) આંક–૫૮ થી પ્રતિવાદી નં.૧૪ લબાના પીયુષભાઈ ઈશ્વરભાઈનુ પુરાવાનુ સોગંદનામુ

**પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી.**

**(૪)** સદર કામે મુદ્દા મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આંક– ૧૮ થી કાઢેલ હોય જે નીચે મુજબ છે.

**<u>:: મુદ્દા ::</u>**

(૧) શું વાદીઓ પુરવાર કરે છે કે મોજે ગામ સુરદેવી તા. મેઘરજ ની સીમના સ.નં. ૧૮૮ ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચોમી વાળી જમીનના વાદીઓ તથા પ્રતિવાદીઓ નં. ૧ થી ૭ વચ્ચે ઘરમેળે અલગ અલગ હિસ્સા પાડવામાં આવેલા છે?

(૨) શું વાદીઓ પુરવાર કરે છે કે મોજે ગામ સુરદેવી તા. મેઘરજની સીમના સ.નં. ૧૮૮ ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચો.મી વાળી જમીનમાં વાદીઓના ભાગની ક્ષેત્રફળ ૦–૪૭–૨૯ હે.આરે.ચોમી જમીન દક્ષિણ દિશામાં આવેલી છે અને તે વાદીઓના કબજા ભોગવટામાં આવેલી છે?

(૩) શું વાદીઓ પુરવાર કરે છે કે, મોજે ગામ સુરદેવી તા. મેઘરજની સીમના સ.નં. ૧૮૮ ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચો.મી વાળી જમીનમાં પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે મકાન બનાવેલા છે અને બનાવી રહેલા છે?

(૪) શું વાદીદાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૫) શું હુકમ અને હુકમનામુ?

<u>**મુદ્દાના નિર્ણય:-**</u>

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) નકારમાં,

(૫) આખરી હુકમ મુજબ,

**(૫)** આ કામે વાદી ઓ તર્ફે દલીલો કરવામાં આવેલ નથી તથા પ્રતિવાદી તર્ફે મૌખીક દલીલો કરવામાં આવેલ છે જે ધ્યાને લીધેલ છે.

**(૬)** ઉપરોક્ત નિર્ણયો ના કારણો નીચે મુજબ છે.

## -:કારણો:-

**(૭)** આ કામે **મુદ્દા નં. ૧ થી ૪** ની હકીકતો એક બીજા સાથે સંલગ્ન હોઈ મુદ્દાઓના કારણોની ચર્ચા દરમ્યાન હકીકતોનુ પુનરાવર્તન ટાળવાના શુભ આશયથી એક સાથે ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

વાદીએ હાલનો દાવો દાખલ કરી દાદ માંગેલ છે ત્યારે પુરાવાના કાયદાનો સિદ્ધાંત છે કે " કોઈ પણ વ્યક્તિ ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદીત કરે છે તે હકીકતો ના અસ્તિવના આધાર ઉપરથી કોઈ અદાલત કાનૂની અધિકાર અંગે ચુકાદો આપે તો તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવુ પડશે "અને" જ્યારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેનાર કે તે વ્યક્તિ પર સાબિતીનો બોજો છે." પુરાવાના આ સિંધ્ધાંત મુજબ જ્યારે વાદી દાવો લઈને આવેલ છે ત્યારે દાવામાં જણાવેલ તમામ હકીકતો શ્રેષ્ઠત્તમ પુરાવા વડે સાબિત કરવાનો બોજો વાદીના શીરે રહે છે અને તે જોતાં વાદી જો પોતાનો કેસ શ્રેષ્ઠ અને યોગ્ય પુરાવા વડે સાબિત કરી શકે તો જ માગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર બને છે.

**(૭.૧)** આ કામે વાદી નં. ૩ લબાના રઘુનાથ કબાભાઈ ના ઓએ આંક–૨૨ થી પોતાની સોગંદ પરની જુબાની રજુ કરેલ છે. જે સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો વાદીના દાવામાં કરાયેલ પક્ષ નિવેદનને અનુરૂપ સુસંગત જુબાની રજુ કરેલ છે. તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, મોજે સુરદેવી તા. મેઘરજ જી અરવલ્લીના સીમના વાદીઓના પિતાના નામે વણજારા કનાભાઈ હમીરભાઈ તેમજ વણજારા પના પ્યારચંદને મુળ ખાતા નં. ૧૦૬ના સ. નં. જુનો ૧૨૯ ના ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૦૧–૧૦–૮૬ વાળી જમીનમાં વડીલો ખેતી કરી વાવેતર કરતા હતા જેથી નાયબ કલેક્ટરશ્રીના હુકમ આધારે નોંધ નં. ૧૫૧ થી ૧૯૭૭ માં રેવન્યુ રેકર્ડે નોંધ પાડી ત્યાર થી સંયુક્ત માલીકી હક્કે ચાલે છે જે જમીનમાં વચ્ચે થઈ રાજપુર થી સુરદેવી ભેમાપુર જતો પાકો ડામર રોડ પસાર થતા તે જમીનના બે ભાગ પડી ગયેલા જેથી તેના બે અલગ અલગ સર્વે નંબર બની ગયેલા છે જેમાં નવો સર્વે નંબર ૧૮૮ જેનુ ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચો.મી નુ છે અને સ.નં. ૨૦૬ નું ક્ષેત્રફળ ૦–૧૬–૨૯ હે.આરે.ચો.મી નુ છે આમ સદર જમીનના અલગ અલગ બે સર્વે નંબરો બની ગયેલા છે જેમાં આ બન્ને સર્વે નંબર પૈકી નવો સર્વે નંબર ૧૮૮ નુ ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચોમી વાળી જમીનમાં વાદીઓ તેમજ પ્રતિવાદી નં.૧ થી ૭ નાઓના કાયદેસરના અલગ અલગ હિસ્સા પડેલા નથી પરંતુ ઘર મેળે સ્થળ ઉપર અલગ અલગ હિસ્સા પ્રમાણે અલગ અલગ ખેતી કરતા હતા આમ સર્વે નંબર ૧૮૮ નું ક્ષેત્રફળ ૦–૯૪–૫૮ હે.આરે.ચોમી વાળી જમીન માંથી વાદીના ભાગની ૦–૪૭–૨૯ હે.આરે.ચોમી થાય છે તે વાદીના ભાગની જમીન હાલ સર્વે નંબરની દક્ષિણ દિશાએ આવેલ છે જેમાં વાદીઓ શાકભાજીની વાડી તથા ઉકરડા કરેલ છે અને ઘાસ કરેલ છે અને ઘાસ નાખવાનો ઉપયોગ કરીએ છીએ અને પ્રતિવાદી નં. ૧ થી ૭ નાઓ તેમના હિસ્સામાં અગાઉથી મકાન બનાવી દીધેલ છે તેમજ પ્રતિવાદીઓના પિતા વણજારા પના પ્યારચંદનાઓએ તેમના ભાઈ વણજારા જનવાભાઈ પ્યારચંદનુ આ મિલકતમાં કોઈ નામ નિશાન ન હોવા છતા સદર મિલકતમાં તેમના ભાઈઓના વારસો પ્રતિવાદી નં. ૮ થી ૧૩ આઓને એક સંપ કરી બળના જોરે વાદીઓને ધમકી આપી મકાન બનાવી દેવડાવ્યા છે

પ્રતિવાદીઓએ એક સંપ થઇ તેમના હિસ્સાના ભાગ કરતા વધુ જગ્યા રોકી લીધેલ છે અને હાલ સદર દાવાવાળી જમીનના કાયદાકીય રીતે અલગ હિસ્સા પાડી વહેચણી કરેલ ન હોવા છતા પ્રતિવાદીઓએ સ. નં. ૧૮૮ ની પૂર્વ બાજુએ વાદીઓની સંમતી લીધા સીવાય કે પંચાયતની મંજુરી સીવાય કે એન. એ કરાવ્યા સીવાય મકાનના પાયા ખોદી કામ ચાલુ કરેલ છે જ્યારે વાદીઓ તેમના ભાગમાં માટીનુ પુરણ કરતા હતા અને શાકભાજી ની વાડીમાં નીંદામણ કરતા હતા તે સમયે આ કામના તમામ પ્રતિવાદીઓ એક સંપ થઇ આવી ગયેલા અને કામ અટકાવેલુ અને મા બેન સામી નઠારી ગાળો બોલવા લાગેલા અને કહેતા હતા જે હવે જો તમો આ જમીનમાં પ્રવેશ કરશો તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપવા લાગેલા આમ પ્રતિવાદીઓએ વાદીઓને તેમના ભાગની જમીનમાં માટી કામ કરતા અટકાવેલા છે.

પ્રતિવાદી તર્ફે વાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં વાદીએ સ્વીકારેલ છે કે, મે જે દાવો કરેલો છે તે અગાઉ પ્રતિવાદીઓએ અમારી સામે દાવો દાખલ કરેલો છે. પ્રતિવાદીઓએ દાવો દાખલ કરેલો તેથી હાલનો દાવો દાખલ કરેલો છે. પ્રતિવાદીઓના મકાનો ૪૦ વર્ષથી આવેલા છે અને પ્રતિવાદીઓએ જુના મકાનો પાડી નવા મકાનો બનાવેલા છે. પ્રતિવાદીઓએ અમારી જમીનમાં મકાનો બનાવેલા હોય તે બાબતે ફોટોગ્રાફ રજુ રાખેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે કોઇ પંચનામુ કરાવેલ નથી. વાદીઓ તથા પ્રતિંવાદીઓ પોત પોતાની જમીનમા જાય તે પ્રમાણે રસ્તા આવેલા છે. પ્રતિવાદીઓએ અમારા કયા સર્વે નંબરમાં મકાનો બનાવેલા છે તે કહી શકુ નહી. અમો અમારા ભાગની જમીનમાં વાવેતર કરીએ છીએ અને પ્રતિવાદીઓ તેઓના ભાગની જમીનમાં વાવેતર કરે છે. મે મારી સરતપાસમાં જણાવેલ હકીકત મુજબ સમજુતીથી ઘરમેળે અલગ અલગ વાવેતર કરતા આવેલા છે એ હકીકત ખોટી જણાવેલ છે. અમોને જમીનમાં પ્રવેશ કરતા અટકાવેલા અને ધમકી આપેલી તે અંગેની કોઇ ફરીયાદ પોલીસ સ્ટેશનમાં કરેલી નથી. અમો અમારી જમીનમાં શાકભાજીનુ વાવેતર કરીએ છીએ અને પ્રતિવાદીઓ તેમના ભાગની જમીનમાં વાવેતર કરે છે. હું ક્યા સર્વે નંબર માં રહુ છુ તે મને યાદ નથી. પ્રતિવાદીઓના ૧૪ મકાનોઆવેલા છે અને તેની પાછળના ભાગે

અમારી જમીન આવેલી છે. પ્રતિવાદીઓએ નામદાર કોર્ટમાં દાવો કર્યો તે અગાઉ અમો વાદીઓ તેમજ પ્રતિવાદીઓ વચ્ચે કોઇ તકરાર હતી નહી. દાવાવાળી જમીન અડધા ભાગની જમીન પ્રતિવાદીઓના ભાગની છે. પ્રતિવાદીઓએ ખોદકામ કરેલ છે તે કેટલી જમીનમાં કરેલ છે તે માપ્યા વગર કહી શકુ નહી. **દાવામાં તેમજ સરતપાસની જુબાનીમાં શું લખેલ છે તે મને ખબર નથી. દાવામાં અમો વાદીઓએ સહીઓ કરેલ છે તે બીજી કોઇ જાત માહીતી નથી.**

આમ, ઉપરોક્ત વાદી તર્ફે રજુ થયેલ સરતપાસની જુબાની તથા ઉલટતપાસને ધ્યાને લેવામાં આવે તો વાદીએ તેઓના દાવાની હકીકતના સમર્થનમાં અને ઘડવામાં આવેલ તકરારી મુદ્દાની હકીકત પુરવાર કરવા માટે કોઇ જ રેવન્યુ રેકર્ડ કે દસ્તાવેજી પુરાવા આ કામે રજુ રાખી પુરવાર કરેલ નથી. વધુમાં વાદી એ પોતે તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, દાવામાં તેમજ સરતપાસની જુબાનીમાં શું લખેલ છે તે મને ખબર નથી. દાવામાં અમો વાદીઓએ સહીઓ કરેલ છે તે બીજી કોઇ જાત માહીતી નથી. આમ, વાદીને તેઓના દાવાની કે સરતપાસની કોઇ હકીકતની જાણકારી નથી તથા દાવા તથા જુબાનીના સમર્થનમાં કોઇ દસ્તાવેજી પુરાવા કે દાવાવાળી તકરારી મિલકતના રેવન્યુ રેકર્ડ રજુ રાખી દાવાની હકીકતો શ્રેષ્ઠત્તમ પુરાવાથી પુરવાર કરેલ નથી.

આમ, વાદીએ તેમના દાવાની હકીકત મૌખિક કે દસ્તાવેજી પુરાવા વડે પુરવાર કરેલી નથી. પુરાવા અધિનિયમ મુજબ વાદી જે હકીકતો સાથે દાવો લઇને આવ્યા છે તે તમામ હકીકતો શ્રેષ્ઠતમ પુરાવાથી સાબિત કરવી જોઇએ. વાદીએ દાવા અરજીના કથનોને પુરાવાઓથી પુરવાર કરવા પડે જે અન્વયે પ્રસ્થાપિત થયલે કાયદાકીય સિધ્ધાંત અન્વયે પક્ષ નિવદેન પુરાવાનું સ્થાન લઈ શકે નહી તે નામદાર ઉચ્ચ અદાલતના  ૨૦૦૮(૧) જી.સી.ડી. ૩૬૬ એગ્ર.પ્રો.માર્કેટ કમિટી. વિ.ભંડારી ધીરુભાઈના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

"Pleadings made by the party before the Court are required to be

proved and substantiated by the party by producing and proving necessary evidence in support of such pleadings. Pleadings cannot take place of evidence. Pleadings are mere contentions raised by the party before the Court. Party is required to prove the same by leading proper evidence before the Court.”

વધુમાં વાદીએ દાવો દાખલ કરવા માટે જે દાવાનુ કારણ બતાવેલ છે તે જોતા પ્રતિવાદીઓએ ધમકી આપેલાનુ જણાવે છે પરંતુ તે બાબતે કોઈ ફરીયાદ કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી તથા વાદી પોતે જણાવે છે કે, દાવામાં તેમજ સરતપાસની જુબાનીમાં શું લખેલ છે તે તેઓને ખબર નથી તથા ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, **પ્રતિવાદીઓએ દાવો કરેલો છે તેથી હાલનો દાવો કરેલો છે.** વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીઓએ નામ.કોર્ટમાં દાવો કર્યો તે અગાઉ વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે કોઈ તકરાર હતી નહી. આમ, દાવાની હકીકત વાદીને જાણકારી ન હોય તથા પ્રતિવાદીઓએ દાવો કર્યો તેથી હાલનો દાવો કરેલો છે તે હકીકતનો સ્વીકાર કરેલો હોય ત્યારે દાવામાં જણાવેલ દાવાના કારણની હકીકત મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ નથી. આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લીધેલ છે. 2012 (4) Supreme 289 The Church of Christ Charitable Trust & Educational Charitable Society, represented by its Chairman versus M/s Ponniamman Educational Trust represented by its Chairperson/Managing Trustee માં પેરા-૮ માં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,

**Cause of Action:**

8) While scrutinizing the plaint averments, it is the bounden duty of the trial Court to ascertain the materials for cause of action. The cause of action is a bundle of facts which taken with the law applicable to them gives the plaintiff the right to relief against the defendant. Every fact which is necessary for the plaintiff to prove to enable him to get a decree should be set out in clear terms. It is worthwhile to find out the meaning of the words “cause of action”. A

cause of action must include some act done by the defendant since in the absence of such an act no cause of action can possibly accrue.

9) In A.B.C. Laminart Pvt. Ltd. & Anr. vs. A.P. Agencies, Salem5 (1989) 2 SCC 163, this Court explained the meaning of “cause of action” as follows:

“12. A cause of action means every fact, which if traversed, it would be necessary for the plaintiff to prove in order to support his right to a judgment of the court. In other words, it is a bundle of facts which taken with the law applicable to them gives the plaintiff a right to relief against the defendant. It must include some act done by the defendant since in the absence of such an act no cause of action can possibly accrue. It is not limited to the actual infringement of the right sued on but includes all the material facts on which it is founded. It does not comprise evidence necessary to prove such facts, but every fact necessary for the plaintiff to prove to enable him to obtain a decree. Everything which if not proved would give the defendant a right to immediate judgment must be part of the cause of action. But it has no relation whatever to the defence which may be set up by the defendant nor does it depend upon the character of the relief prayed for by the plaintiff.”

10) It is useful to refer the judgment in Bloom Dekor Ltd. vs. Subhash Himatlal Desai & Ors.6 (1994) 6 SCC 322, wherein a three Judge Bench of this Court held as under:

“28. By “cause of action” it is meant every fact, which, if traversed, it would be necessary for the plaintiff to prove in order to support his right to a judgment of the Court, (Cooke v. Gill, 1873 LR 8 CP 107). In other words, a bundle of facts which it is necessary for the plaintiff to prove in order to succeed in the suit.”

**It is mandatory that in order to get relief, the plaintiff has**

**to aver all material facts. In other words, it is necessary for the plaintiff to aver and prove in order to succeed in the suit.**

આમ, વાદીએ દાવો દાખલ કરવા માટે જે કારણ જણાવેલ છે તે કારણની હકીકતો પણ વાદીએ પુરવાર કરેલ નથી. ત્યારે વાદીએ તેઓના દાવાની હકીકત પુરવાર કરેલ ન હોય દાવાના કામે વાદીએ માંગેલ દાદ મેળવવા હક્કદાર થતા નથી. જેથી મુદ્દા નંબર ૧ થી ૪ નો જવાબ નકારમાં ઠરાવુ છુ.

**(૧૩) મુદ્દા નંબર– ૫ ના કારણો:–**

ઉપરોક્ત મુદ્દાઓ નં. ૧ થી ૪ ના ન્યાય નિર્ણય માટે કરવામાં આવેલી તમામ ચર્ચા ધ્યાને લઈ આ દાવાનો તથા મુદ્દા નં. ૫ માટેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## ::હુકમ::

(૧) વાદીઓનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખ–૨૪ મી માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો

તા. ૨૪ /૦૩/૨૦૨૬
સ્થળ: મેઘરજ

(હેમોરસિંહ મનુભાઈ પરમાર)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
મેઘરજ, જી. અરવલ્લી
(જી.જે.૦૧૨૭૬)

ટાઈપ
સેલ્ફ